**સાબરમતી વર્તુળ કચેરી**

**તા.૨૩.૫.૧૬ ની સ્થિતિ એ**

| અ. નં. | લોકસંવાદ સેતુ તારીખ | તાલુકા | ફરીયાદીનું નામ-સરનામું પેટાવિભાગની વિગત. | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી/ પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓનાં નામ-નંબર. | કંપનીએ સ્થળ ઉપર આપેલ જવાબ | નિરાકરણ | સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૫ | ૬ | ૭ | ૯ | | |
| ૧ | ૧૯.૦૫.૧૬ | ધોળકા | **ઠાકોર મુકેશભાઇ કાનજીભાઇ, ઉપ પ્રમુખ તા.પ. ધોળકા** | બદરખા ના ગુપ્તાપુરા માં ૭૦ મકાનો માં લોકો રહે છે અને ત્યાં ઘરવપરાશ માટે ૨૪ કલાક વીજળી નથી. તો નવા જોડાણો આપવા માટે વિનંતી છે. તે લોકો ગરીબ માણસો છે. | વિભાગીય કચેરી - બાવળા / પેટા વિભાગીય કચેરી - ધોળકા - રૂરલ | શ્રી કે. વી. સોનારા નાયબ ઇજનેર ધોળકા - રૂરલ, મો. નં. ૯૮૭૯૬૧૬૧૯૩ | સદર અરજીના અનુસંધાને તા; ૧૬.૦૫.૧૬ ના રોજ સ્થળ તપસ કરતાં બદરખા મુકામે ગુપ્તાપરા નહીં પરંતુ ભૂપતાપરા માં કુલ ૨૩ થી ૨૪ મકાનો આવેલ છે. તેમાથી ૯ મકાનોમાં રહેતા લોકોને વીજ જોડાણ આપવામાં આવેલ છે. બાકીના અરજદારો એ વીજ જોડાણ માટેની અરજી ની નોધણી કરાવેલ નથી. સદર અરજદારોને વીજ જોડાણ મેળવવા માટે અગાઉ અત્રે ની કચેરી દ્વારા સરપંચ શ્રી બદરખા ને તેમની મૌખિક રજૂઆત ના અનુસંધાને જણાવેલ કે જો બાકી રહી ગયેલ અરજદારોને વીજ જોડાણ ની જરૂરિયાત હોય અને સરકાર શ્રી ની ઝૂપડપટ્ટી યોજના માં સમાવેશ થતો હોય તો તેને ઠરાવ કરી તાલુકા પંચાયત કચેરી દ્વારા મોકલવામાં આવશે તો તેઓને વીજ જોડાણ આપવાની કાર્યવાહિ કરવામાં આવશે. હાલમાં જે તે ગ્રાહકો ને ખેતીવાડી ફિડરમાં થી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સદર જગ્યા ખેતીવાડીની હોય કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ જ્યોતિગ્રામ ફિડરમા થી વીજ પુરવઠો આપી શકાય નહીં. ખેતીવાડી ફિડર ઉપરથી ૧ - ફેઝ પાવર ૨૪ કલાક આપવામાં આવે છે. | નિકાલ | |
| ૨ | ૧૯.૦૫.૧૬ | ધોળકા | સરપંચશ્રી, સિંધરેજ ગ્રામ પંચાયત, તા ધોળકા | જૂના બોર નું પાણી ખરું થયી ગયેલ છે. જે પાણી હાલમાં પીવા લાયક નથી અને નવો બોર બની ગયેલ છે, જેનું પાણી મીઠું છે. તો જૂના બોર નું વીજ જોડાણ નવા બોર ઉપર તાત્કાલિક કરી આપવા વિનંતી. | વિભાગીય કચેરી - બાવળા / પેટા વિભાગીય કચેરી - ધોળકા - રૂરલ | શ્રી કે. વી. સોનારા નાયબ ઇજનેર ધોળકા - રૂરલ, મો. નં. ૯૮૭૯૬૧૬૧૯૩ | સિંધરેજ ગામે વોટર વર્કસ ના કુલ ૩ વીજ જોડાણો ચાલુ છે. ૧ વોટર વર્કસ વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરેલ છે.હાલમાં સરપંચશ્રી ગ્રામ પંચાયત ના નામે ઉ. ગુ.વી.ક.લી. ના કુલ ૪,૦૧,૯૬૩,.૬૫ ની રકમ નું લેણું બાકી નીકળે છે. કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ બાકી લેના નીકળતા અરજદારની અરજી ની નોંધણી થયી શકે નહીં. જેથી સિંધરેજ ગ્રામ પંચાયતની સ્થળ ફેરફાર ની અરજીની નોંધણી કરાવેલ નથી . ગ્રામ પંચાયત દ્વારા સદર રકમ ભરપાઈ કરવા હપ્તા ની માંગણી કરવામાં આવે તો અમારી ઉપલી કચેરીની મંજૂરી મળ્યેથી આગળની કાર્યવાહી થયી શકે, તો સરપંચશ્રી ને હપ્તા માટેની અરજી કરવા જણાવવામાં આવેલ છે. | નિકાલ | |
| ૩ | ૧૯.૦૫.૧૬ | ધોળકા | બુદ્ધધાય ચેરીટેબલટ્રસ્ટ, ધોળકા | ધોળકા જી.ઇ.બી. દ્વારા સોનારકુઇ રોહિત સમાજ ના સ્મશાન માં થાંભલા નાખેલ છે. તે થાંભલા માં વીજ વાયર નાખવાની કામગીરી આજદિન સુધી કરેલ નથી તો વીજ વાયર તેમજ સ્મશાનમાં સ્ટ્રીટ લાઇટ ની કામગીરી અંગે નિકાલ લાવવા વિનંતી. | વિભાગીય કચેરી - બાવળા / પેટા વિભાગીય કચેરી - ધોળકા -ટાઉન | શ્રી એ.જે. ગાંઠીયા, નાયબ ઇજનેર ધોળકા - રૂરલ, મો. નં. ૯૮૭૯૨૦૧૫૧૬ | ચીફ ઓફિસર ધોળકા નગરપાલિકા દ્વારા રોહિત સમાજના સ્મશાન માટે નવીન સ્ટ્રીટ લાઇટ ની માંગણી કરવામાં આવેલ. તે સંદર્ભે ઉ.ગુ.વી. ક.લી. ધોળકા દ્વારા ૨૪ થાંભલા ઊભા કરવામાં આવેલ છે. ત્યારે સ્મશાન ની આસપાસ ના ખેડૂતનો વાંધો આવવાથી વીજ વાયર ખેંચવાનું કામ બંધ રાખવામા આવેલ તેની જાણ અમોએ ધોળકા નગરપાલિકા ને કરેલ. હાલમાં સદર વાંધાનો નિકાલ કરવામાં આવેલ છે અને વીજ વાયર ખેચવાની કામગીરી તા . ૨૧.૦૫.૧૬ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ | |